# વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીયાના સંયુક્ત ઉપક્રમે "બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ" વિષય ઉપર એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઇ

---

વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીયાના સંયુક્ત ઉપક્રમે **અખિલ ભારતીય સંકલિત બીજ યોજના (આદિજાતિ પેટા યોજના)** અંતર્ગત તા. ૨૫-૦૯-૨૦૨૩ના રોજ "બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ" વિષય ઉપર એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન માન. કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયા સાહેબના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આ તાલીમ વર્ગની શરૂઆત દિપ પ્રાગટ્ય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યારબાદ ડૉ. વાય. બી. ચૌહાણ, યુનિટ હેડ, આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીયા દ્વારા શાબ્દિક સ્વાગત તેમજ પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ. આર. જી. પરમાર, પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા ગુણવત્તાસભર બીજ ઉત્પાદન માટે બીજજન્ય રોગ નિયંત્રણના ઉપાયો; ડૉ. એન. એમ. ગોહેલ, સહ પ્રાધ્યાપક, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા બીજજન્ય ફૂગ અને તેનાથી થતું નુકશાન અને બીજ માવજત; ડૉ. એ. એસ. ભાણવડીયા, નોડલ ઓફિસર(બીજ) અને યુનિટ હેડ, વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ દ્વારા મકાઈ અને સોયાબીનની સુધારેલી જાતો તેમજ ખેતી પધ્ધતિ; ડૉ. એચ. કે. દેસાઇ, સંશોધન સહાયક, આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીયા દ્વારા પ્રથમ હરોળના નીદર્શનની અગત્યતા અને ખેતીમાં તેનું મહત્વ અને શ્રી એ. પી. સાવલિયા, ખેતીવાડી અધિકારી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા જૈવિક ફૂગ ટ્રાઈકોડર્માનું સંવર્ધન કરવાની પધ્ધતિઓ અને નિદર્શન જેવા જુદા જુદા વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ તાલીમમાં વડભેર, અંતેલા, ડાંગરીયા, રેબારી, વાંશલવારીયા, ઓરવાડા, રૂવાબારી, અગારા અને દેવીરામપુરા તા: દેવગઢ બારીયાના કુલ ૫૦ ખેડૂતભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.










શબરી
આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ
યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ
AAU